# // કબજા રહીત સાટાખત કરાર //

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામ **કોઠારીયા**ના રેવન્યુ સર્વે **નં.૧૯૭ પૈકી ૧** ની જમીન એકર ૪–૧૧ ગુંઠાના રહેણાંકના હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **"જય પાર્ક"** તરીકે ઓળખાતા જમીનના **પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ ની જમીન** ચો.મી.આ.૨૫૦–૬૧ ઉપર આવેલ **"ભકિત એવન્યુ"** ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ લો–રાઈઝ બિલ્ડીંગ માંહેના ....... ફલોરમાં આવેલ **ફલેટ નં.......**કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.......... જેનો કારપેટ એરીયા ચો.મી.આ........... નો કબજા રહીત સાટાખતનો કરાર.

---

વેચાણ કિંમત રૂા...................../– અંકે રૂપિયા .................................... પુરા.

---

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન બાંધકામ પરવાનગી નં.૨૨૩, તા.૨૯/૦૪/૧૯

---

રેરા રજી. સર્ટીફીકેટ નં.**PR/GJ/RAJKOT/RAJKOT/................/......./........./............**

---

**જોગ લખાવી લેનાર :–**

**શ્રી ...............................................,** PAN-

ઉ.વ.આ. : ....., ધર્મે : હિન્દુ, ધંધો : ......,

સરનામું : .........................................

**......... તે મિલ્કત ખરીદનાર.**

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

...૨/–

<u>જોગ લખી આપનાર :–</u>

**શ્રી કિરણબેન નીરવભાઈ મોલીયા,** PAN-APFPM 7311 A

ઉ.વ.આ : ૩૬, ધર્મે : હિન્દુ, ધંધો : ગૃહકાર્ય,
સરનામું : ભકિત એવન્યુ, જય પાર્ક શેરી નં.૩,
સાંઈબાબા સર્કલ પાસે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ.

**......તે મિલ્કત વેચનાર.**

**<u>જત તમો જોગ આ કબજા રહિત સાટાખત કરાર લખી આપી બંધાઉ છું કે, :–</u>**

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામ **કોઠારીયા**ના રેવન્યુ સર્વે **નં.૧૯૭ પૈકી ૧** ની જમીન એકર ૪–૧૧ ગુંઠાના રહેણાંકના હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **"જય પાર્ક"** તરીકે ઓળખાતા જમીનના **પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ ની જમીન** ચો.મી.આ.૨૫૦–૬૧ (મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન સહીત) અમો વેચનારને રજી. બક્ષીસ દસ્તાવેજ અનું. નં.૨૭૭૨, તા.૦૭/૦૬/૨૦૧૯ ના રોજથી શ્રી મંજુલાબેન ભીખાભાઈ મોલીયા પાસેથી બક્ષિસમાં મળેલ છે. ત્યારથી સદરહું મંજુર થયેલ બાંધકામ પ્લાન સહીતની ખુલ્લા પ્લોટની જમીન મારી સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે.

સદરહું ઉપરોકત પ્લોટની જમીન અમોને રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન માંથી બાંધકામ પરવાનગી નં.૨૨૩, તા.૨૯/૦૪/૧૯ થી મંજુર થયેલ રેસીડેન્સીયલ લો–રાઈઝ બિલ્ડીંગ પ્લાન સહીત (એટલે કે બાંધકામ કરવાના તમાંમ હકકો અને અધિકાર સહીત) બક્ષીસમાં મળેલ હોય તેથી પ્લોટની જમીન ઉપર રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં.૨૨૩, તા.૨૯/૦૪/૧૯ ના રોજથી અગાઉ મંજુર થયેલ રેસીડેન્સીય લો–રાઈઝ બિલ્ડીંગ પ્લાન મુજબ સ્થાનિકે પ્લોટની જમીન ઉપર રેસીડેન્સીયલ બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવી રહયું છે. અને સદરહું બાંધકામ થનાર મિલ્કતને **"ભકિત એવન્યુ"** નામ આપેલ છે.

આમ ઉપરોકત વિગતે તૈયાર થનાર બાંધકામ સહીતની મિલ્કત અમો લખી આપનાર/પ્રમોટરની કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે. તેમાં મારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો આવેલ નથી સદરહું મિલ્કતનો વેચાણ, વ્યવહાર, વ્યવસ્થા, વહીવટ વિગેરે

કરવાનો મને સંપૂર્ણ હકક, સતા અને અધિકાર હોય તે અધિકારની રૂએ આજરોજ અમો પ્રમોટર તમો લખાવી લેનાર જોગ આ સાટાખત કરવા સંપુર્ણ રીતે અધિકૃત તથા સક્ષમ છીએ તે જમીન સંબંધિત પ્રમોટરના હકક, ઈલાખા તથા હકક, હિત સંબંધિત તમામ કાયદાકીય જરૂરીયાત સંપુર્ણ રીતે પુરી કરવામાં આવી છે. તેમાં કુલ (૧)–એક બહુમાળી ઈમારતનું બાંધકામ કરવામાં આવશે. જેમાં મળી **કુલ–(૧૫)** ફલેટ/યુનીટના આ પ્રોજેકટને **"ભકિત એવન્યુ"** ના નામથી ઓળ ખવામાં આવશે.

(૨) સદરહું પ્રોજેકટવાળી જમીન રાજકોટના જીલ્લા પંચાયત કચેરીના હુકમ નં. એન.એ–લેરેકાક–૬૫–કેસ નં.૩૫૦/૦૫–૦૬/વશી/૭૭૬૪/૭૧, તા.૧૭/૧૦/૦૬ ના રોજથી રહેણાંકના હેતુ માટે બિનખેડવાણ થયેલ છે.

પ્રમોટરે પરિયોજના/પ્રોજેકટ માટેના લે–આઉટ/વિકાસ/બાંધકામની પરવાનગી રાજકોટ મ્યુનિ.કોર્પો. પાસેથી બાંધકામ પરવાનગી નં.૨૨૩, તા.૨૯/૦૪/૧૯ થી મેળવેલ છે.

પ્રમોટર આથી જાહેર કરે છે કે પ્રોજેકટની જમીનના સબંધમાં આજની તારીખ પ્રમાણેનો ફલોર સ્પેસ ઈન્ડેકસ ફકત ૫૮૦–૫૫ ચોરસ મીટર છે અને પ્રમોટરે વિકાસ નિયત્રંણ વિનિયમમાં જણાવેલી વિવિધ યોજનાનો અમલ કરીને અથવા વિકાસ નિયંત્રણ વિનિયમના સદરહું પ્રોજેકટને લાગુ પડતા ફેરફાર ઉપર ભવિષ્યમાં મેળવી શકાય તેવી વધારેલી એફએસઆઈ (FSI-FLOOR SPACE INDEX )ની અપેક્ષાને આધારે, પ્રિમિયમની અથવા ઈન્સેન્ટિવ એફએસઆઈ તરીકે ઉપલબ્ધ એફએસઆઈની ચુકવણી પર મળતા ટીડીઆર અથવા એફએસઆઈનો લાભ મેળવીને ........ ના ફલોર સ્પેસ ઈન્ડેકસનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે. પ્રમોટરે સદરહું પ્રોજેકટમાંની પ્રોજેકટની જમીન ઉપર પોતે લાભ લેવા ધારેલા ૫૮૦–૫૫ નો ફલોર સ્પેસ ઈન્ડેકસ જાહેરે કર્યો છે અને એલોટીએ સુચીત એફએસઆઈનો લાભ મેળવીને પ્રમોટરે કરવાના એપાર્ટમેન્ટના સુચીત બાંધકામ અને વેચાણના આધારે અને જાહેર કરેલો સુચીત એફએસઆઈનો લાભ ફકત પ્રમોટરને મળેલ છે તેવી સમજુતીના આધારે સદરહું એપાર્ટમેન્ટ ખરીદવાનું કબુલ કરેલ છે.

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

...૪/–

પ્રોજેકટ માટે વપરાશ પ્રમાણપત્ર(BU) મેળવ્યા પહેલા વિકાસ પરવાનગી નિયમો હેઠળ, વધારાની FSI મળવાપાત્ર થાય તો, બુકીંગ કરાવાયેલ એપાર્ટમેન્ટના ૨/૩ એલોટીશ્રીઓની મંજુરી અન્વયે પ્રોજેકટનો પ્લાન રીવાઈઝ કરાવી શકાય છે તથા પ્રોજેકટ માટેનું રેરા રજીસ્ટ્રેશન રેરા કાયદાની કલમ–૧૪ અન્વયે રીવાઈઝ કરાવી શકાય છે. વપરાશનું પ્રમાણપત્ર (BU) મળ્યેથી અને વેચાણ દસ્તાવેજ થાય ત્યાર બાદ ભવિષ્યની ''એસોસીયેશન ઓફ એલોટીની'' એટલે કે સોસાયટીની બની રહે છે.

(૩) પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલોપમેન્ટ) એકટ–૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે રજી. સર્ટીફીકેટ નં.**PR/GJ/RAJKOT/RAJKOT/................/......../.............. તા....../....../૨૦૧૮** થી નોંધણી કરાવેલ છે. તે નોંધણી પ્રમાણપત્રની નકલ આ સાથે જોડાણ–(૧) માં રજુ છે.

(૪) એલોટીએ માંગણી કરવાથી પ્રમોટરે પ્રોજેકટની જમીન/બાંધકામ પ્લાન યોજના નિર્દેષ્ટ હકીકતો (**Specification**) જે પ્રમોટરના આર્કિટેકટ **શ્રી ગૌતમ એન. મોલીયા(કન્સ. એન્જી.) તથા સ્ટ્રકચર એન્જી. શ્રી જીજ્ઞેશ રાઠોડ** દ્વારા તૈયાર કરવામા આવેલ છે. તથા રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ ) એકટ–૨૦૧૬ તથા તે હેઠળ ઘડવામા આવેલ નિયમો તથા નિયમનો એલોટીને તપાસવા દેવામાં આવેલ છે તથા એલોટીને તે બાબતે સંપુર્ણ સંતોષ થયેલ છે.

(૫) તદુપરાંત જે પ્રોજેકટ જમીન ઉપર ફલેટસનું બાંધકામ કરવામાં આવશે તેના માલીકી બાબતે હકક ઈલાખા (ટાઈટલ) ની સ્થિતી દર્શાવતા મહેસુલી દફતર (ગામ નમુના વિગેરે...) ના ઉતારા અથવા સીટી સર્વે દફતરની અધિકૃત નકલો તથા પ્રમોટરના એડવોકેટ દ્વારા આપવામાં ટાઈટલ રીપોર્ટ પ્રમાણપત્ર વિગેરે... ની અધિકૃત નકલો વિગેરે... એલોટી દ્વારા તપાસવામાં આવેલ છે. તથા એલોટીને તે બાબતે સંપુર્ણ સંતોષ કરેલ છે.

(૬) પ્રમોટર દ્વારા સુચવવામાં આવેલ લે–આઉટ પ્લાન/પ્રોજેકટ બાંધકામની અધિકૃત નકલો, તથા જે રીતે બાંધકામની દરખાસ્ત થઈ છે તથા પ્રોજેકટ માટે જે ખુલ્લી જમીન રાખવામાં આવી છે તે સ્થાનિક સતા/રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નિરીક્ષણ કરવામાં આવેલ છે. તથા એલોટીને તે બાબતે સંપુર્ણ સંતોષ થયેલ છે. ખરીદ થનારા

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, ''જય પાર્ક'' પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–''ભકિત એવન્યુ'' ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

તથા એલોટી દ્વારા ફલેટના પ્લાન નિર્દિષ્ટ હકીકત (પ્લાન અને સ્પેશીફીકેશન) ની અધિકૃત નકલો આ સાથે એનેક્ષર–ર માં રાખેલ છે.

(૭) પ્રમોટરે ઉપરોકત મંજુર થયેલ બાંધકામ પરવાનગી પ્રમાણે મંજુર થયેલ પ્લાન પ્રમાણે સુચિત પ્રોજેકટનું બાંધકામ ચાલુ કરેલ છે. તે નિયમસરનું બાંધકામ પુર્ણ થયેલ મકાન વપરાશનો દાખલો અથવા કબ્જાનું પ્રમાણપત્ર મેળવવામા આવશે.

(૮) એલોટીએ તેના તા.................. ના પત્રથી **"ભકિત એવન્યુ"** ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ લો–રાઈઝ બિલ્ડીંગ માંહેના ....... ફલોરમાં આવેલ **ફલેટ નં.......**કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.......... જેનો કારપેટ એરીયા ચો.મી.આ...........વાળો ફલેટ માટે અરજી કરેલ છે.

(૯) એલોટીને **"ભકિત એવન્યુ"** ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ લો–રાઈઝ બિલ્ડીંગ માંહેના ....... ફલોરમાં આવેલ **ફલેટ નં.......**કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.......... જેનો કારપેટ એરીયા ચો.મી.આ........... વાળો ફલેટ તે સહિતનો, લાગુ પડતા કાયદા મુજબ "રેરા" કાયદાની કલમ–ર ના ખંડ એન મુજબ સહીયારી સુવિધામાં વરાડે પડતા હકક સહિત ફાળવવામાં આવેલ છે. તે મિલ્કતનું વર્ણન તથા ચર્તુઃ સીમા (જેને હવે પ્રોજેકટવાળી જમીન કહેવાશે) આ નીચે પરિશિષ્ટ–"૧" માં આપેલ છે. તથા પરિશિષ્ટ–"ર" માં ફલેટની વિગત તથા ચર્તુઃ સીમાં દર્શાવેલ છે. તથા પરિશિષ્ટ–"૩" માં બિલ્ડીંગની સહીયારી સુવિધાનું સંપુર્ણ વર્ણન આપેલ છે. પરિશિષ્ટ–"ર" માં ફલેટનો ફલોર પ્લાન સામેલ કરવામાં આવેલ છે.

ઉપરોકત જણાવેલ કારપેટ એરીયાનો અર્થ ફલેટનો ચોખ્ખો વપરાશ યોગ્ય ક્ષેત્રફળ છે. તેમા આંતરીક ભાગલા પાડતી દિવાલના ક્ષેત્રફળનો સમાવેશ થશે. પરંતુ, તે ક્ષેત્રફળમાં તેમા બહારની દિવાલો, સર્વિસ સાઈટ વિગેરે... નો સમાવેશ નહી થાય તેમજ સુવાંગ વપરાશ માટેની બાલ્કની, ખુલ્લી અગાસી, સુવાંગ પાર્કિંગ ક્ષેત્રફળનો સમાવેશ નહી થાય.

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

(૧૦) પક્ષકારો અરસ–પરસ ઉપરોક્ત બાબતની જાણકારીની પુષ્ટી યા નિવેદન, રજુઆત તથા એક–બીજાને બાહેંધરી ઉપર આધાર રાખીને તથા આ કરારમાં જણાવેલ શરતો અને બોલીઓ અને લાગુ પડતા તમામ કાયદાનો અમલને આધીન રહીને નીચે જણાવેલ શરતો તથા બોલીઓ મુજબ કરાર કરવામાં આવે છે.

આ કરારમાં ઠરાવેલ તથા નકકી થયેલ શરતો અને બોલીઓને અનુરૂપ તથા બન્ને પક્ષકારો વચ્ચે અરસ–પરસ સમજુતિ પ્રમાણે પ્રમોટર ફલેટ (તે સાથે પાર્કિંગના હકક સહિત) વેચાણ કરવા તથા એલોટી ઉપરોક્ત ફકરા–''૯'' માં દર્શાવેલ વિગતે ખરીદ કરવા કરાર કરે છે. સદરહું કાયદાની કલમ–૧૩ હેઠળ કરાર સહી કરીને તેની નોંધણી ધારા–૧૯૦૮ હેઠળ નોંધણી કરવાની છે.

તેથી હવે નીચે જણાવ્યા પ્રમાણેની અરસ–પરસ રજુઆત, શરતો, ખાત્રી, વચન તથા અત્રે સમાવિષ્ટ થયેલ છે. તે તથા અન્ય યોગ્ય વિચારણા હેઠળ બાબતોને ધ્યાનમાં લઈને બન્ને પક્ષકારો નીચે મુજબ કબુલ થાય છે.

**<u>શરતો :–</u>**

**(૧.૧)** આ કરારમાં વિગતવાર દર્શાવેલ શરતો અને બોલીઓને આધીન ઉપરોક્ત ફકરા–''૯'' મા દર્શાવેલ ફલેટ વેચાણ કરવા પ્રમોટર કબુલ થાય છે. તથા ખરીદ કરવા માટે એલોટી કબુલ થાય છે. જેનુ જમીન સહિત બિલ્ડીંગનુ પરિશિષ્ટ–''૧'' માં સંપુર્ણ વર્ણન આપેલ છે. તથા પરિશિષ્ટ–''૨'' માં ફલેટનો ફલોર પ્લાન સામેલ કરવામાં આવેલ છે. પરિશિષ્ટ–''૩'' મા સામાન્ય વિસ્તાર, સામાન્ય સુવિધાઓ તથા સગવડતાઓનું વર્ણન આપેલ છે. ફલેટની કિંમતની ગણત્રીમાં જમીનની કિંમત, (ફલેટ સહિત) બાંધકામના ખર્ચનો, ફલેટના સામાન્ય વિજળીકરણ વિગેરે... તથા પ્રોજેકટમા સામાન્ય વિસ્તારમા પુરી પાડવામાં આવતી અન્ય અગ્નિશામક સુવિધાઓ તથા તમામ સામાન્ય સુવિધા તથા સગવડતાઓના (બેઝીક કોમન ફેસીલીટી અને એમીનીટીઝ) ખર્ચનો સમાવેશ થશે.

**(૧.૨)** કારપેટ એરીયા આધારીત ફલેટના કારપેટ એરીયા ચો.મી.આ.....–..... જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ......–...... ની કિંમત રૂા...................–૦૦/– અંકે રૂપિયા .......................પુરા થાય છે.

**દસ્તાવેજનો પ્રકાર:– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, ''જય પાર્ક'' પ્લોટ નં.૪૦, બિલ્ડીંગ:–''ભકિત એવન્યુ'' ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

એલોટી પ્રમોટર પાસેથી પોતાના સુવાંગ ઉપયોગ માટે ફલેટના હિસ્સા તરીકે :–
(૧) બાલ્કની ચો.મી.આ....... .....
(૨) ખુલ્લી અગાસી ચો.મી.આ.....–.....
(૩) ખુલ્લુ પાર્કિંગ ચો.મી.આ.....–.....
(૪) કવર્ડ પાર્કિંગ ચો.મી.આ.....–.....

મળી કુલ વધારાના કારપેટ એરીયા ચો.મી.આ.....–..... જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ......–...... ખરીદવા કબુલ થાય છે. જેની કુલ અવેજની રકમ રૂા.................–..../– અંકે રૂપિયા ................. પુરા થાય છે.

**(૧.૩)** સંપુર્ણ કિંમત વધારા મુકત છે. પરંતુ, અપવાદ રૂપે જે વધારો સક્ષમ સતાધિકારી દ્વારા વિકાસ ચાર્જના કારણે હોય અને અથવા વખતો વખત જે અન્ય ચાર્જ સક્ષમ સતાધિકારી દ્વારા વસુલ કરવમાં આવે યા લાદવામાં આવે તેવા કારણોસરનો વધારો આથી એલોટી ચુકવવાનું કબુલ કરેલ છે. પ્રમોટર બાહેંધરી આપે છે કે અને કબુલ કરે છે કે એલોટી પાસેથી ડેવલોપમેન્ટ ચાર્જનો વધારો કરે સક્ષમ સતાધિકારી દ્વારા લાદવામા આવેલ ખર્ચ કે ચાર્જની માંગણી કરવામાં આવે ત્યારે પ્રમોટર જણાવેલ જાહેરાત, હુકમ, નિયમ અથવા નિયમની નકલો એલોટીને માંગણીપત્ર સાથે સામેલ કરશે તથા તે ત્યારબાદની ચુકવણીને લાગુ પડશે.

**(૧.૪)** **<u>એલોટીએ આ કરાર સહી કરતા પહેલા/કરતી વખતે રૂા...............–૦૦ અંકે રૂપિયા ................... પુરા (૧૦% કરતા વધારે નહી) એડવાન્સ તરીકે રકમ ચુકવી છે.</u>**

એડવાન્સ તથા અવેજની રકમ
રૂા...................–૦૦ અંકે રૂપિયા ..........................પુરાનો ચેક ......................બેંકના ચેંક નં........., તા...../....../૨૦૧.. ના રોજ આપેલ છે. જે નીચે પધ્ધતિથી ચુકવશે.

**MODE OF PAYMENT :-**
ચુકવણીની પધ્ધતી:–

| |
|---|
| **દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............** |

કરારની શરતોને આધીન રહીને તથા પ્રમોટરે બાંધકામની મર્યાદાને આધીન રહીને પ્રમોટર દ્વારા માંગણી થયેથી તથા પેમેન્ટ પ્લાનમા કે "રેરા" ના સ્લેબ મુજબ નીચે દર્શાવેલ વિગતે એલોટી તમામ ચુકવણી કરશે.

(૧) કુલ અવેજની રકમ પૈકી ૩૦–૦૦% સુધીની રકમ આ સાટાખત કરાર અમલીકરણ પછી એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

(૨) કુલ અવેજની રકમ પૈકી ૪૫–૦૦% સુધીની રકમ સદરહું બિલ્ડીંગનું પ્લીન્થ લેવલ સુધીનું બાંધકામ પુર્ણ થયે એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

(૩) કુલ અવેજની રકમ પૈકી ૭૦–૦૦% સુધીની રકમ સદરહું બિલ્ડીંગના સ્લેબનું પોડીયમ અને સ્ટીલ્ટ સહીતનું બાંધકામ પુર્ણ થયે એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

(૪) કુલ અવેજની રકમ પૈકી ૭૫–૦૦% સુધીની રકમ સદરહું બિલ્ડીંગની દિવાલ, અંદરના ભાગનું પ્લાસ્ટર, ફલોરીંગ ડોર તથા બારીનું કામ પુર્ણ થયે એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

(૫) કુલ અવેજની રકમ પૈકી ૮૦–૦૦% સુધીની રકમ સદરહું બિલ્ડીંગનું સેનેટરી ફીટીંગસ, સીડી, લીફટની દિવાલ તથા લોબીનું કામ પુર્ણ થયે એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

(૬) કુલ અવેજની રકમ પૈકી ૮૫–૦૦% સુધીની રકમ સદરહું બિલ્ડીંગનું પ્લમ્બીંગ, બહારનું પ્લાસ્ટર, એલીવેશન તથા વોટર પ્રુફીંગ સાથેની અગાસીનું કામ પુર્ણ થયે એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

(૭) કુલ અવેજની રકમ પૈકી ૯૫–૦૦% સુધીની રકમ સદરહું બિલ્ડીંગની લીફટ, વોટર પંપ, ઈલેકટ્રીકલ ફીટીંગ, મીકેનીકલ અને એન્વાઈરમેન્ટ જરીયાતો, એન્ટ્રન્સ લોબી, પ્લીન્થ પ્રોટેકશન, તથા અન્ય જરૂરીયાતો જે આ સાટાખત કરારમાં દર્શાવેલ છે તે તમામ કામ પુર્ણ થયે એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

(૮) કુલ અવેજની રકમ પૈકી બાકી રહેતી સંપુર્ણ અવેજની રકમ ફલેટનો કબજો સોંપ્યા સમયે અથવા બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર આવ્યે એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર રહેશે.

ઉપર દર્શાવેલ સ્લેબ મુજબ અથવા અરસ–પરસની સમજુતિ મુજબ એલોટી તમામ ચુકવણી કરશે. તમામ ચુકવણી એકાઉન્ટ પેઈ ચેક/ડ્રાફટ દ્વારા અથવા કે

(લાગુ પે તે મુજબ) અમો વેચનારના નામના તરફેણમાં રાજકોટ મુકામે ચુકવવાપાત્ર રહેશે.

પરંતુ જો એલોટી ચુકવવા પાત્ર રકમ ચુકવવામા ઢીલ કરશે તો તે ચુકવવા પાત્ર રકમ ઉપર વાર્ષિક ૯ % ના દર પ્રમાણે વ્યાજ ચુકવવા માટે જવાબદાર રહેશે.

**(૧.૫)** કુલ અવેજની રકમ ઉપરાંત તમામ પ્રકારના ટેક્ષ, જે સમયે એલોટી રકમ ચુકવે તે સમયે પ્રર્વતમાન દર મુજબ જી.એસ.ટી., સર્વિસ ટેક્ષ તથા અન્ય કરવેરા વિગેરે જે પ્રમોટરને બાંધકામ સંબંધિત ચુકવવાના હોય તે પ્રમોટર કહે તે પ્રમાણે એલોટીએ જુદા ચુકવવાના રહેશે તમામ પ્રકારના બાંધકામ સંબંધિત કરવેરાનો ફલેટની વેચાણ કિંમતમાં સમાવેશ નહી થાય.

**(૧.૬)** પ્રમોટરે જડીત વસ્તુ (ફીક્ષચર) ફીટીંગ એમેનીટીસ વિગેરે આપેલ છે. પરંતુ પ્રમોટર કાયદાની જોગવાઈને આધીન રહીને સાધારણ ફેરફાર કે પરિવર્તન કરશે અથવા એલોટીને જરૂર જણાય તે મુજબ સામાન્ય ફેરફાર કે પરિવર્તન કરી શકશે. ફલોરીંગ તથા સેનેટરી ફીટીંગ તથા અન્ય સુવિધાઓની સામગ્રી પ્રમોટર પોતાની વિવેક બુધ્ધિ પ્રમાણે તથા આઈ.એસ.આઈ.ના માપદંડ પ્રમાણે ઉપયોગ કરશે.

**(૧.૭)** (માત્ર ફલેટને લાગુ) બાંધકામ પુર્ણ થયા બાદ એલોટીને સોપવામાં આવેલ આખરી કારપેટ એરીયાની પ્રમોટર પુષ્ટિ કરશે તથા ૩ % ની મર્યાદામાં રહીને ફેરફારની વિગત પુરી પાડયા બાદ સક્ષમ અધિકારી (રૂડા અથવા રાજકોટ મ્યુનિ.કોર્પો.) દ્વારા ઓકયુપન્સી પ્રમાણપત્ર આપવામાં આવશે. કારપેટ એરીયાની પ્રમોટર દ્વારા પુષ્ટિ થયા બાદ સંપુર્ણ કિંમતની ફેરગણત્રી કરવામાં આવશે.

કારપેટ એરીયાની ચુકવવા પાત્ર કુલ કિંમતની પ્રમોટર દ્વારા કન્ફર્મ થયા બાદ કારપેટ એરીયાની ચુકવવાપાત્ર કિંમતમા ફેરગણત્રી કરવામાં આવશે. જો ઠરાવેલ મર્યાદા કરતા ઓછો કારપેટ એરીયા હશે તો પ્રમોટર નિયમમા ઠરાવ્યા પ્રમાણે ૯ % વ્યાજના દર મુજબ ઠરાવેલ પિસ્તાલીસ(૪૫) દિવસની મર્યાદામાં વધારાની વસુલાત કરેલ રકમ વ્યાજ સહિત પરત કરશે. એલોટીને એલોટ કરેલ કારપેટ એરીયામા વધારો હશે તો પ્રમોટર ચુકવવાની યોજના હેઠળ ત્યાર

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

પછીના હપ્તામાં તે માંગણી કરશે. આ તમામ નાણાકિય ગોઠવણી કરારના **ખંડ નં.(૧.૪)** મા કબુલ કર્યા મુજબ કરવામાં આવશે.

**(૧.૮)** પ્રમોટર દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવે છે તથા એલોટી દ્વારા કબુલ કરવામા આવે છે કે :–

(એ) એલોટીને ફલેટની સંપુર્ણ માલીકીની રહેશે.

(બી) સામાન્ય સુવિધામા તથા સામાન્ય વિસ્તારમા, ઓપન તથા કવર્ડ પાર્કિંગ તે સહિત (ફલેટ)ને તમામ હેતુ માટે અવિભાજય એકમ તરીકે સમજવામા આવશે. એવુ કબુલ કરવામા આવે છે કે આ પ્રોજેકટ, જમીન સહિતનો એક સ્વતંત્ર, સ્વયં પર્યાપ્ત પ્રોજેકટ છે ને તમામ હેતુ માટે અવિભાજય પ્રમાણસર હકક એલોટીનો હકક જે અવિભાજય છે તે વિભાજીત કે અલગ થઈ શકશે નહી.

**(૧.૯)** પ્રમોટર દ્વારા સહકારી મંડળીના કાયદા હેઠળ/કંપનીના કાયદા હેઠળ /એસોસીએશનની/મંડળીની પ્રમોટર જે નામ આપે તે મુજબ સંસ્થાની નોંધણી માટે કાર્યવાહી કરવામાં આવે ત્યારે તથા તેની રચના માટે અરજી/ડિકલેરેશન દરખાસ્ત અથવા અન્ય જરૂરી કાગળો સભ્યપદ માટે તથા નોંધણી માટે એલોટીને મોકલવામાં આવે ત્યારે તેણે તમામ અરજી/સોગંદનામા તથા અન્ય જરૂરી તમામ દસ્તાવેજો સાત દિવસમા સહી કરીને પ્રમોટરને પરત કરવાના રહેશે. જેથી પ્રમોટર તે અરજી વિગેરે એલોટીના સામાન્ય સંસ્થાની નોંધણી માટે યોગ્ય સમયમાં રજુ કરી શકે અન્ય સક્ષમ સતાધિકારી દ્વારા મુસદારૂપી બાયલોઝ, નિયમ કે નિયમનમા ફેરફાર કરવામાં આવે તો એલોટી તેમાં વાંધા તકરાર લઈ શકશે નહી.

**(૧.૧૦)** પ્રમોટરે એલોટી પાસેથી જે ખર્ચની ચુકવણી (જેવી કે જમીન ખર્ચ, જમીન, ભાડુ, મ્યુનિસીપલ અથવા અન્ય સ્થાનિક કરવેરા, વોટર તથા વિજળીના ચાર્જ, મેઈન્ટેનન્સ ચાર્જ, ગીરો લોન અને ગીરો ઉપર વ્યાજ તથા અન્ય બીજાઓ અને સક્ષમ સતાધિકારીને બેંક અથવા નાણાકીય સંસ્થાને ચુકવવાપાત્ર જવાબદારીઓ જે પ્રોજેકટ સંબંધી હોય) વિગેરે... તમામ ખર્ચાઓ જે તેણે એલોટી પાસેથી એકઠા કર્યા હોય તે તમામ ખર્ચાઓ એલોટીને ફલેટનો કબ્જો તબદીલ કરતા પહેલા ચુકવી આપવા માટે પ્રમોટર કબુલ થાય છે. જો પ્રમોટર એલોટી

પાસેથી એકઠા કરેલ ખર્ચની રકમ, અથવા કોઈ જવાબદારી, ગીરો લોન કે તેના પર વ્યાજ તબદીલ કરતા પહેલા ચુકવવા નિષ્ફળ જાય તો પ્રમોટર કબુલ કરે છે કે મીલ્કતની તબદીલ કર્યા પછી પણ તે તેવા પ્રકારના ખર્ચ, દંડનીય ચાર્જ (જો હોય તો) જે સતાધિકારીને ચુકવવાપાત્ર હોય તે ચુકવશે અને તેવી સક્ષમ સતાધિકારી કે વ્યકિત જે કાયદાકિય કાર્યવાહી કરે તેને માટે તે જવાબદાર રહેશે.

**(૦૨)** ADJUSTMENT/APPROPRIATION OF PAYMENT પ્રમોટરને કરવામાં આવેલ તમામ ચુકવેલ રકમ એલોટી પાસે વ્યાજબી રીતે લેણા પાત્ર હોય તે રકમ કોઈપણ સદર હેઠળ વસુલ કરવા/સરભર કરવા માટે એલોટી આથી પ્રમોટરને અધિકૃત કરે છે. પ્રમોટર પોતાની વિવેકબુધ્ધિ અનુસાર તે રકમ કોઈપણ સદર હેઠળ સરભર/વસુલ કરી શકશે. તે બાબત એલોટી કોઈ વાંધો/માંગણી/ અથવા સુચના આપી શકશે નહી.

**(૦૩)** TIME ESSENCE :– સમયએ અગત્યનું સત્વ છે.

પ્રમોટર તેમજ એલોટી માટે સમયએ મુખ્ય સત્વ છે. પ્રમોટર સમય પત્રકને વળગી રહીને પ્રોજેકટ પરિપુર્ણ કરશે અને ઓકયુપન્સી પ્રમાણપત્ર અથવા કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યા બાદ (જે લાગુ પડે તે મુજબ) એલોટીને ફલેટનો તેમજ એલોટીના એસોસીએશનને સામાન્ય સુવિધાના વિસ્તારની સોંપણી કરી આપશે. તેવી જ રીતે એલોટી પણ હપ્તા તેમજ અન્ય દેવાપાત્ર રકમ તથા કરાર હેઠળ જવાબદારી પણ બાંધકામ પુરૂ થયાની સાથે જ તમામ રકમ **ખંડ (૧.૪)** ની જોગવાઈ મુજબ ચુકવી આપશે.

પરંતુ જો મકાન પુરૂ થઈ ગયુ હોય તથા ઓકયુપન્સી પ્રમાણપત્ર અથવા કમ્પ્લીશન સર્ટીફિકેટમાં સરકારી વહિવટ કારણોસર ઢીલ થાય તેમ હોય તે પ્રમોટર એલોટીને કબ્જો સંભાળવા જાણ કરશે. ત્યારે એલોટી કબુલ કરે છે કે તે તમામ અવેજ તથા અન્ય ચાર્જ ટેક્ષ વિગેરે.... ચુકવીને વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. પ્રમોટર કબુલ કરે છે કે, ત્યારબાદ વહેલી તકે પ્રમાણપત્ર મેળવશે.

**(૦૪)** CONSTRUCTION OF THE PROJECT :–

**<u>પ્રોજેકટનું બાંધકામ :–</u>**

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

પ્રમોટર દ્વારા એપાર્ટમેન્ટ/પ્રોજેકટના બાંધકામ અંગેની ઠરાવેલ વિગતો (સ્પેશીફીકેશન) એફ.એ.આર.(એફ.એસ.આઈ.), એલોટીએ જોયેલ છે. તથા પ્રમોટર દ્વારા રજુઆત થયેલ તથા સક્ષમ સતાધિકારીએ મંજુર કરેલ ફલોર પ્લાન, લે–આઉટ પ્લાન વિગેરે.... નો એલોટીએ સ્વીકાર કરેલ છે. પ્રમોટર તથા એલોટી કબુલ કરે છે કે, સુચિત બાંધકામ પ્લાન મુજબ વેચાણ કરવામાં આવશે તથા જાહેર કરેલ એફ.એસ.આઈ.ની માલીકી માત્ર પ્રમોટરની રહેશે.

**(૦૫)** PROCEDURE FOR TAKING POSSESSION :-
**<u>ફલેટના કબજાની કાર્ય પધ્ધતિ :–</u>**

**(૫.૧)** SCHEDULE FOR POSSESSION OF THE SAID FLAT :-
પ્રમોટર ફલેટનો કબ્જો તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજ અથવા તે પહેલા સોંપી આપશે. જો પ્રમોટર ઠરાવેલ સમય (શેડયુલ) પ્રમાણે પ્રોજેકટ સંપુર્ણ કરવામાં તથા એલોટીને ફલેટ સોંપવામા નિષ્ફળ નિવડે તથા એલોટીને જો તે પ્રોજેકટમાથી પોતાનો ફલેટ રદ ન કરવો હોય તો પ્રમોટર કબ્જો સોંપી આપે ત્યાં સુધી તેને મળેલી તમામ રકમ ઉપર ૯% દરે મુજબ વ્યાજ ચુકવશે. તેમજ એલોટી પણ જો ચુકવણામાં ઢીલ કરે તો જે મુદતે રકમ ચુકવવાની હોય તે તારીખ પછી ૯% દરે વ્યાજ ચુકવવાનુ રહેશે.

પરંતુ લડાઈ, અછત, અગ્નિ, સાયકલોન, ધરતીકંપ અથવા કોઈ કુદરતી અકસ્માતના(FORCE MAJEURE)કારણે સ્થાવર મીલ્કતના પ્રોજેકટનો નિયમીત વિકાસ શકય ન હોય તેમજ સરકારશ્રી, કોઈ જાહેર સક્ષમ સતાધિકારી અથવા કોઈ કોર્ટની સુચના હુકમ, નિમય કે જાહેરાંતનાં કારણે પ્લાન (COMPLETION )માં મોડુ થાય તેમ હોય તો એલોટી કબુલ કરે છે કે તો પ્રમોટર કબ્જાની સોંપણીના સમય માટે સમય મર્યાદામાં વધારો કરવા હકકદાર રહેશે.

**(૫.૨)** સક્ષમ સતાધિકારી પાસેથી ઓકયુપન્સી પ્રમાણપત્ર (મકાન વપરાશનો દાખલો) મેળવ્યા બાદ પ્રમોટર આ કરારની શરતો મુજબ પ્રમોટર ૩– મહિનાની અંદર ફલેટનો કબ્જો લેવા લેખિત સુચના (નોટીસ) આપશે અને

૧૫–(પંદર) દિવસમા કબ્જો સંભાળી લેવાની લેખિત જાણ કરશે અને પ્રમોટર એલોટીને ફલેટનો કબ્જો સોંપી આપશે.

પરંતુ ફલેટનું સંપુર્ણ બાંધકામ થઈ ગયેલ હોય તથા માત્ર કમ્પ્લીશન/ મકાન વપરાશ દાખલો બાકી હોય ત્યારે જો એલોટી દાખલો (પ્રમાણપત્ર) આવે તે પહેલા કબ્જો સંભાળી લેવા ઈચ્છા ધરાવે તથા તે મુજબ પ્રમોટરને લેખિત જાણ કરે ત્યારે એલોટીએ મેઈન્ટેનન્સની તમામ અનામતની તેમજ ચાલુ મેઈન્ટેનન્સ ચાર્જની રકમ જેવી કે જમીન ખર્ચ, જમીન ભાડુ, મ્યુનિસીપલ અથવા અન્ય સ્થાનિક કરવેરા, વોટર તથા વિજળીના ચાર્જ તથા નોંધણી માટે જરૂરી સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી, વકિલ ફી તથા અન્ય ખર્ચ પ્રમોટરને ચુકવી ત્યારબાદ દસ્તાવેજની નોંધણી કરાવીને અને ફલેટનો કબ્જો સંભાળી શકશે.

**(૫.૩)** પ્રમોટરના ઉપર પ્રમાણે વ્યાજના હકકને કોઈ હાની પહોંચાડયા સિવાય એલોટી દ્વારા ચુકવવાપાત્ર રકમ તેમજ પ્રમાણસર કરવેરાની રકમ વિગેરેના હપ્તા ચુકવવામા ૩–વખત સતત ડીફોલ્ટ થશે તો પ્રમોટર પોતાની વિવેક બુધ્ધિ પ્રમાણે કરાર રદ કરી શકશે. ઉપરોકત દર્શાવ્યા મુજબ એલોટી દ્વારા કસુર થયાના કિસ્સામાં, પ્રમોટર એલોટીની તરફેણમા ફલેટની ફાળવણી રદ કરશે અને બુકીંગ રકમ બાદ કરી બાકીની રકમ એલોટીને પરત કરશે અને આ કરાર તેમજ વ્યાજબી જવાબદારી રદ થશે.

પરંતુ તે પહેલા પ્રમોટર એલોટીને તેને આપેલ સરનામે રજી. ટપાલથી અથવા આપવામા આવલ ઈ–મેઈલ સરનામે પંદર–(૧૫) દિવસની નોટીસ આપી શકે તથા શરતો તથા નિયમોના ભંગના કારણે તે કરાર રદ કરવાનો ઈરાદો જણાવશે. જો એલોટી પ્રમોટર દ્વારા જણાવેલ વચનોના ભંગ બાબતે જવાબ નહી આપે તો આવા નોટીસના સમય મર્યાદા બાદ તે આ કરાર રદ કરવા માટે હકકદાર રહેશે. વધુમાં આ કરાર રદ થશે તો પ્રમોટર કબુલ થયા પ્રમાણે નુકશાની તથા અન્ય હિસાબ સરભર કરવાપાત્ર રકમ જે એલોટી દ્વારા પ્રમોટરને દેવાપાત્ર હોય તેને આધીન રહી (તે રકમ બાદ કરી) કરાર રદ થયાના ત્રીસ–(૩૦) દિવસમાં જે હપ્તા ચુકવાયા હોય તે તમામ રકમ પરત કરશે.

અલોટી કબુલ થાય છે કે તથા કન્ફર્મ થાય છે કે પ્રમોટર દ્વારા કુદરતી

આફતના કારણે પ્રોજેકટનો અમલ થઈ શકે તેમ ન હોય તો આ એલોટમેન્ટ રદ થયેલ સમજવામા આવશે તથા પ્રમોટર તે (રદ થયાની) તારીખથી ૪૫–(પીસ્તાલીસ) દિવસમાં મેળવલ સંપુર્ણ રકમ એલોટીને પરત કરશે. એલોટીએ ચુકવેલ રકમ પરત થયા બાદ, એલોટી કબુલ થાય છે કે તેનો પ્રમોટર વિરૂધ્ધ કોઈ હકક, દાવો વિગેરે રહેશે નહી અને પ્રમોટર આ કરાર હેઠળની તમામ જવાબદારી તથા બાહેંધરીથી મુકત તેમજ છુટા થશે.

**(૫.૪)** <u>**CANCELLATION BY ALLOTTEE :-**</u> કાયદાની જોગવાઈ પ્રમાણે એલોટીને પ્રોજેકટમાં થયેલ તેનુ એલોટ રદ કરવા અથવા પરત ખેંચવા અધિકાર રહેશે.

પરંતુ એલોટી કબુલ થાય છે તથા કન્ફર્મ કરે છે કે જયારે પ્રમોટરની કોઈ ચુક કે ભુલ ન હોવાના કારણે એલોટી કરાર રદ કરવા અથવા પરત ખેંચવા દરખાસ્ત મુકે તો પ્રમોટર એલોટમેન્ટ માટે ચુકવાયેલ અનામતની રકમ જપ્ત કરવા અધિકૃત રહેશે. અનામતની રકમ બાદ કરી બાકીની ચુકવાયેલ તમામ રકમ પ્રમોટર આ રદીકરણની તારીખથી ૪૫–(પીસ્તાલીસ)દિવસમા પરત કરશે.

**(૬) FAILURE OF ALLOTTEE TO TAKE POSSESSION OF (FLAT) :-**
**એલોટીની (ફલેટ) નો કબજો લેવાની નિષ્ફળતા :–**

**(૬.૧)** ફલેટ વપરાશ તથા કબજા માટે તૈયાર છે. તેવી લેખીત જાણ થયાની એલોટી જરૂરી ક્ષતિપુર્તી, બાહેંધરી અને આ કરારમાં ઠરાવ્યા મુજબના દસ્તાવેજો સહી કરીને એલોટી–૧૫ (પંદર) દિવસમાં ફલેટનો કબજો લેશે અને પ્રમોટર એલોટીને ફલેટનો કબ્જો સોંપી આપશે. જો કોઈ કિસ્સામાં એલોટી કબ્જો લેવમાં નિષ્ફળ જાય તો જોગવાઈ પ્રમાણે એલોટી–૧૫(પંદર) દિવસ બાદ લાગુ પડતા મેઈન્ટેનન્સ ચાર્જ ચુકવવાની જવાબદારી ચાલુ થશે.

જયારે ફલેટ વપરાશ તથા કબજા માટે તૈયાર હોય ત્યારે પ્રમોટર એલોટીને પ્રોજેકટની જમીનના મહેસુલ તથા તમામ પ્રકારના ફલેટના હિસ્સામાં આવતા પ્રમાણસરના ચુકવવાપાત્ર જે હોય તે ચુકવવા માટે એલોટીને નોટીસ આવ્યાની ૧૫–પંદર દિવસમાં રકમ એલોટી પ્રમોટરને ચુકવી આપશે. એસોસીએશન અથવા સોસાયટીની રચના થાય ત્યાં સુધી તે સામાન્ય ખર્ચ ચુકવશે. પ્રમોટરને ચુકવેલ રકમ પ્રમોટરની પાસે રહેશે તથા

એસોશીએશન અથવા મંડળીની રચના થયેથી પ્રમોટર તેને તબદીલ કરી દેશે. તેમજ અન્ય કોઈ ચુકવવાપાત્ર સામાન્ય ખર્ચની રકમ હોય તે પણ વસુલ કરી શકાશે.

**(૬.૨) POSSESSION BY THE ALLOTTEE :-**

એલોટી દ્રારા કબજો લેવા બાબત, ઓકયુપન્સી પ્રમાણપત્ર મેળવ્યા બાદ તથા એલોટીઓને ફલેટનો કબજો સોંપી આપ્યા બાદ પ્રમોટરની જવાબદારી રહેશે કે તે તમામ જરૂરી કાગળો, પ્લાન, સામાન્ય વિસ્તાર (કોમન એરીયા) સહિત એલોટીના એસોસીએશનને અથવા જે લાગુ પડતુ હોય તે મુજબ સ્થાનિક કાયદા પ્રમાણે સક્ષમ સતાધિકારીને સોંપી આપશે.

(૭) **REPRESENTATIONS AND WARRANTIES OF THE PROMOTER :-**

પ્રમોટર દ્રારા રજુઆત તથા ખાતરી :–

પ્રમોટર આથી રજુઆત કરે છે તથા ખાતરી આપે છે.

(એ) પ્રમોટર પાસે જમીનનાં સંપુર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ છે. તથા જમીનનો વિકાસ કરવા માટે તમામ જરૂરી અધિકાર ધરાવે છે. તથા તેમજ પ્રમોટર પ્રોજેકટની જમીનનો સુવાંગ તથા ખરેખર શારીરિક તથા કાયદેસરનો કબજો ધરાવે છે.

(બી) પ્રમોટરે પ્રોજેકટના વિકાસ કરવા માટે સક્ષક સતાધિકારી પાસેથી કાયદેસરના હકક તેમજ જરૂરી મંજુરીઓ મેળવલ છે. તથા પ્રોજેકટને પુર્ણ કરવા સમયે જરૂરી મંજુરીઓ મેળવશે.

(સી) જમીન કે પ્રોજેકટ ઉપર કોઈપણ પ્રકારનો બોજો (ENCUMBRANCE) નથી. અને હશે તો વેચાણ દસ્તાવેજ કરતા પહેલા જે તે સંસ્થાનું એન.ઓ.સી. મેળવી સુપ્રત કરીશુ.

(ડી) જમીન, પ્રોજેકટ અથવા ફલેટ કે પ્લોટ સંબંધિત કોઈ કાનુની કાર્યવાહી કે મુકદમો કાયદાની કોઈપણ અદાલતમાં પડતર નથી.

(ઈ) પ્રોજેકટ તથા જમીન તથા ફલેટ, પ્લોટ સંબંધીત સક્ષમ અધિકારીએ આપેલ તમામ મંજુરી લાયસન્સ, પરમીટ માન્ય છે તથા અમલી છે તથા કાનુની રીતે યોગ્ય પ્રક્રિયા દ્રારા મેળવેલ છે. વધુમાં પ્રમોટર હંમેશા, પ્રોજેકટ, જમીન,

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

મકાન, ફલેટ/પ્લોટ તથા સામાન્ય વિસ્તારને લાગુ પડતા તમામ કાયદાનું અનુપાલન કરી રહયા છે તથા હંમેશા કરશે.

(એફ) પ્રમોટરને આ કરાર કરવા માટે અધીકાર છે અને તેણે કોઈપણ એવુ કાર્ય કરેલ નથી અથવા એવુ કોઈ કાર્ય કે બાબત કરવા ચુક કરી નથી. જેનાથી આ કરારથી એલોટીના ઉત્પન્ન થયેલ હકક, ઈલાખા તથા હિતને બાધ આવે કે પુર્વગ્રહ ઉત્પન્ન થાય.

(જી) પ્રમોટરે આ પ્રોજેકટનો સમાવેશ થાય તે જમીન સંબંધી કોઈપણ વ્યકિત કે પક્ષકાર સાથે વેચાણનો કરાર/વિકાસ કરાર કે વેચાણ, કોઈ અન્ય કરાર કે વ્યવસ્થા કરેલ નથી જેથી આ કરાર હેઠળના એલોટીના ઉકત ફલેટ સંબંધી હકકોને અસર કે હાની થાય.

(એચ) આ કરાર હેઠળ વિચારણા કરેલ ફલેટ એલોટીને વેચાણ કરવા અંગે પ્રમોટરને કોઈ જાતનું બંધન નથી. તેવી પ્રમોટર આથી ખાત્રી આપે છે.

(આઈ) વેચાણ દસ્તાવેજ કરતી વખતે પ્રમોટર, આ ફલેટનો કાયદેસરનો, ખાલી તથા શાંત રીતે પ્રત્યક્ષ કબજો એલોટીને તથા સામાન્ય વિસ્તારનો કબજો મકાન વપરાશનો દાખલો આપ્યે એલોટીના એસોસીએશનને સોંપી આપશે.

(જે) એલોટીના એસોસીએશન દ્વારા પ્રોજેકટની જાળવણી/સાચવણી માટેની જવાબદારી લેવામાં ન આવે કે પ્રમોટર ધ્વારા સોંપવામાં ન આવે ત્યાં સુધી પ્રોજેકટમાં જરૂરી સેવા પુરી પાડવા માટે તથા જાળવણી/સાચવણી માટે પ્રમોટર જવાબદાર રહેશે.

(કે) પ્રમોટરે, સરકારી માંગણું, દેણુ (ચાર્જ) કરવેરા તથા અન્ય રકમ લેવી, ભારણ, પ્રીમીયમ, ડેમેજ અને/અથવા દંડ તથા તમામ પ્રકારના ખર્ચાઓ વિગેરે..... જે કોઈ પ્રોજેકટ સંબંધી ચુકવવાપાત્ર થાય તે સક્ષમ સતાધિકારીને ચુકવી આપેલ છે તેમજ દસ્તાવેજની તારીખ સુધી ચુકવવાનુ ચાલુ રાખશે.

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

(એલ) આ જમીન અથવા પ્રોજેકટ સંબંધિત સરકાર અથવા અન્ય કોઈ સ્થાનિક મંડળ કે સતાધિકારી અથવા કોઈ ધારાકિય કાયદા કે સરકારી ઓર્ડીનન્સ હુકમ, જાહેરાત (સદર મિલ્કત સંપાદિત અથવા અધિગ્રહણની કોઈપણ નોટીસ સહિત) પ્રમોટરને સરકાર તરફથી કોઈ નોટીસ મળેલ નથી.

**(૦૮)** એલોટી/પોતે અથવા/જે કોઈ વ્યકિત ફલેટ ખરીદવા કાર્યવાહી કરે તે કરાર કરે છે કે,

(એ) ફલેટનો કબજો સંભાળ્યા બાદ એલોટીએ કબજાની તારીખથી પોતાના ખર્ચે સારી તથા યોગ્ય રહેવા લાયક સમારકામ થઈ શકે તેવી સ્થિતિમા રાખશે.

(બી) એલોટી પોતાના ફલેટમાં જોખમી તથા સળગી ઉઠે તેવા કોઈ પદાર્થ રાખશે નહી. એલોટીની બેદરકારી અથવા અવજ્ઞાના કારણે ફલેટના કોઈપણ સામાન્ય વપરાશના હિસ્સાને નુકશાન થાય તો તેની ક્ષતિ માટે તથા તેના પરિણામ માટે એલોટી જવાબદાર રહેશે.

(સી) ફલેટના આંતરીક સમારકામ તથા તેની યોગ્ય સ્થિતિમાં સાચવણી તેના પોતાના ખર્ચે કરશે તથા સંબંધીત સ્થાનિક સતા કે સતાધિકારીના નિયમ, નિયમન વિગેરે...ની ભંગ નહી થાય તેની કાળજી લેશે. તેવા ભંગ માટે જે જવાબદારી રહેશે તથા નુકશાની ભરપાઈ કરી આપશું.

(ડી) ફલેટનો કબજો સંભાળ્યા બાદ એલોટીએ કબજાની તારીખથી પોતાના ખર્ચ સારી તથા યોગ્ય રહેવા લાયક સમારકામ થઈ શકે તેવી સ્થિતિમાં રાખશે. ફલેટનો કબજો સ્વીકાર્યા બાદ તેના ફલેટની જાળવણી સાચવણી માટે એલોટી જાતે સંપુર્ણ જવાબદાર રહેશે તથા તેના પોતાના ખર્ચે તે સારી રીતે સમારકામ કરી સારી સ્થિતિમાં રાખશે. કોઈ કાયદા કે કોઈ સતાધિકારીના નિયમોનુ ઉલ્લંઘન થાય તે રીતે ફલેટમાં બદલાવ કે ફેરફાર અથવા વધારા કરી શકશે નહી. ફલેટમાં તેની દિવાલ તથા વિભાજન દિવાલો (PARTITIONS) ગટર, મોરી, પાઈપ અને તેને લગતા તમામ વસ્તુઓને (APPURTENANCES) સારી તેમજ યોગ્ય રીતે સમારકામ થઈ શકે (TENANTABLE) તેવી સ્થિતિમા રાખશે. તેમજ

**દસ્તાવેજનો પ્રકારઃ- કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ-"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

તે સારી તથા યોગ્ય સ્થિતિમાં રાખશે.

(ઈ) ફલેટને નુકશાન થાય તે રીતે સુધારા કે ફેરફાર કરી શકશે નહી તથા મકાનનો ટેકો, છાપરા, આર.સી.સી. સ્ટ્રકચર વિગેરે કોઈ રીતે નુકશાન પામે નહી અથવા તો જોખમ ન થાય તેમ રાખશે. એલોટી વધુમા બાહેંધરી ખાત્રી તથા જવાબદારી આપે છે કે, તે મકાનના મોખરાના ભાગ (FACADE) ઉપર અથવા મુખ્ય દ્વારે અથવા પ્રોજેકટના અથવા ફલેટના બહારના હિસ્સામાં બદલાવ નહી કરે એલોટી તદુંપરાંતર બહારના હિસ્સામાં કોઈપણ સ્થળે બહારની દિવાલોમાં તથા બહારના વિભાગની દિવાલમાં અથવા બારીઓમાં રંગકામ યોજવામાં બદલાવ નહી કરે અથવા બહારના એલીવેશનમા કે યોજના કે રૂપરેખામાં કોઈપણ જાતનો ફેરફાર નહી કરે.

(એફ) એલોટી ફલેટમાં ગંદકી થાય કે તેની ખુલ્લી જગ્યામાં તેવા પ્રકારની ગંદકી થાય તેવા પ્રકારના કચરા તથા કોઈ નકામી વસ્તુ તેમાં રાખશે નહી અથવા ફેંકશે નહી.

(જી) ફલેટને સંબંધીત સ્થાનિક સતાવાળા અથવા સરકાર દ્વારા માંગણી થયેલ અનામતની રકમ તેમજ વિજળી અને પાણી સંબંધીત એલોટીના ફાળે આવતી તમામ અનામતના હિસ્સાની રકમ પ્રમોટર દ્વારા માંગણી થયેથી પંદર દિવસમાં એલોટી ચુકવી આપશે.

(એચ) સ્થાનિક સતા અથવા સરકાર દ્વારા અથવા અન્ય કોઈ જાહેર સતા ફલેટના વપરાશ માટે અથવા કોઈ અન્ય હેતુ માટે સ્થાનિક કરવેરા, વોટર ચાર્જ, વિમાના પ્રીમીયમની રકમ તથા તે પ્રકારની તમામ લાદવામા આવેલ રકમમાં કાંઈ વધારો થાય તો પોતાના હિસ્સા પુરતી જે રકમ આવે તે એલોટી ચુકવી આપશે.

**(૦૯) CONVEYANCE OF THE SAID FLAT :-**

**ફલેટના દસ્તાવેજ બાબત :–**

આ કરાર હેઠળ એલોટી પાસેથી પ્રમોટરને ફલેટની કિંમતની સંપુર્ણ રકમ મળ્યા બાદ તે (CONVEYANCE) વેચાણ દસ્તાવેજ કરી આપશે તથાં ફલેટના

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

...૧૯/–

પ્રમાણસરના અવિભાજય હિસ્સા સહિતના હકક ઈલાખા, ઓકયુપન્સી સર્ટીફિકેટ મળ્યાની તારીખથી ત્રણ મહિનામા તબદીલ કરી આપશે. પરંતુ એલોટી માંગણી મુજબ સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી તથા અન્ય આનુસાંગિક ચાર્જ તથા કાનુની ખર્ચ વિગેરે...ની રકમ, લેખિત માંગણી કર્યા મુજબ તેમા દર્શાવેલ સમય મર્યાદામાં ડીપોઝીટ કરવામાં નિષ્ફળ નિવડે તો એલોટી આથી પ્રમોટરને પોતાની તરફેણમાં વેચાણ દસ્તાવેજ (CONVEYANCE-DEED) કરવાની કાર્યવાહી જયા સુધી એલોટી દ્રારા સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જીસ વિગેરે...ની આખરી પતાવટ ન થાય ત્યાં સુધી તે તમામ કાર્યવાહી મુલત્વી રાખવા પ્રમોટરને અધિકૃત કરે છે. એલોટી તદુઉપરાંત સોસાયટી અથવા લીમીટેડ કંપની અથવા એસોસીએશનની રચના સંબંધી તેના હિસ્સામાં આવતી ફાળાની તમામ રકમ દસ્તાવેજ કરતી વખતે ચુકવી આપશે.

ગુજરાત સ્ટેમ્પ એકટ–૧૯૫૮ હેઠળની તમામ જોગવાઈના અમલીકરણ માટે તથા તે હેઠળની કોઈ કાર્યવાહી કે સક્ષમ અધિકારી દ્રારા લાદવામાં આવેલ સ્ટેમ્પ ડયુટી કમી માટે દંડ કે કોઈપણ કાર્યવાહી માટે માત્ર એલોટી સંપુર્ણ રીતે જવાબદાર રહેશે.

**(૧૦) (DEFFECT LIABILITY) :-**

**ક્ષતિની જવાબદારી :–**

એવુ કબુલ કરવામા આવે છે કે, વેચાણના કરાર મુજબ કામગીરી, ગુણવતા કે પ્રમોટરની અન્ય જવાબદારી કે સેવા બાબતની જોગવાઈમાં કોઈ બાંધકામની ક્ષતિ અથવા અન્ય ક્ષતિના કિસ્સામાં તે બાબત એલોટીને કબ્જો સોંપી આપ્યાની પાંચ વર્ષની અંદર પ્રમોટરના ધ્યાનમાં લાવવામાં આવશે. તો જયારે શકય હોય ત્યારે આવી ખામીઓ પ્રયોજન દ્રારા સુધારી આપવાની રહેશે.

જો પ્રમોટર તે ક્ષતિ સુધારવામાં નિષ્ફળ નિવડે તો એલોટી પ્રમોટર પાસેથી આવી ખામીનું વળતર કાયદામાં જણાવ્યા મુજબ મેળવવા હકકદાર રહેશે. જો કે પ્રયોજક કોઈપણ સ્ટ્રકચર ખામીઓ માટે જવાબદાર રહેશે નહી અથવા ખામીઓ કે જે વર્કમેનશીપની ખામીઓ, સેવાની ગુણવતાને અને સેવાની જોગવાઈમા ખામી કે જે પ્રયોજકને કંટ્રોલ બહાર હોય.

**(૧૧) RIGHT OF ALLOTTEE TO USE COMMON AREAS AND**

**FACILITIES SUBJECT TO PAYMENT OF TOTAL MAINTENANCE CHARGES :-**

સંપુર્ણ મેઈનટેનન્સ (જાળવણી સાચવણી) ખર્ચની ચુકવણીને આધીન એલોટીના સામાન્ય વિસ્તાર તથા સગવડતાઓનો ઉપયોગ કરવાનો હકક :–

એલોટી આથી કબુલ કરે છે કે, તે ફલેટની ખરીદી એવી ચોકકસ સમજુતીથી કરવામા આવે છે કે, એસોસીએશન ઓફ એલોટી (અથવા તેમના દ્વારા નિમણુક થયેલ મેઈનટેનન્સ એજન્સી) દ્વારા નકકી કરવામા આવે તથા ત્યારબાદ નિમણુંક કરેલ મેઈનટેનન્સ ચાર્જન સંપુર્ણ રકમની ચુકવણીને આધીન કોમન એરીયાના વપરાશનો હકક રહેશે. તેમજ મેઈનટેનન્સ એજન્સી અથવા એસોસીએશન ઓફ એલોટી દ્વારા ઠરાવે શરતો અને બોલીઓને આધીન તથા એલોટીની તમામ જવાબદારીઓના પાલન ઉપર આધારીત રહેશે.

**(૧૨) RIGHT OF ENTER THE APPARTMENT FOR REPAIRS :-**
**સમારકામ માટે એપાર્ટમેન્ટમાં દાખલ થવાનો અધિકાર :–**

પ્રમોટર/મેઈનટેનન્સ એજન્સી/એસોસીએશન ઓફ એલોટીને અથવા તેના એજન્ટને સામાન્ય વિસ્તાર, ગેરેજ, બંધ પાર્કિંગ તથા પાર્કિંગની જગ્યામાં જરૂરી મેઈનટેનન્સ સેવા પુરી પાડવા માટે પ્રવેશના મર્યાદીત હકક રહેશે તથા એલોટી કબુલ થાય છે કે એસોસીએશન ઓફ એલોટી તથા અથવા તો મેઈનટેનન્સ એજન્સીને અગાઉથી યોગ્ય સુચના આપ્યા બાદ તથા સામાન્ય કામગીરીના સમયમાં (સિવાય કે અનિવાર્ય સંજોગો હોય) કોઈપણ ખામીનું નિરીક્ષણ કરવા માટે ફલેટમાં પ્રવેશ આપશે.

**(૧૩) USAGE OF BASEMENT & SERVICE AREA :-**
**ઞબેઝમેન્ટ તથા સર્વિસનો વપરાશ :–**

"ભકિત એવન્યુ" પ્રોજેકટમાં આવેલ સર્વીસ ક્ષેત્રનો પાર્કિંગ સ્પેસ, વિજળી સબ–સ્ટેશન તથા અન્ય સેવા સહિત, ટ્રાન્સફોર્મર, ભુગર્ભ પાણીના ટાંકા, પમ્પ રૂમ, મેઈનટેનન્સ તથા સર્વીસ રૂમ, સાધનો વિગેરે તેમજ મંજુર થયેલ પ્લાનમાં ઠરાવેલ મર્યાદિત વપરાશ માટે ઉપયોગ થશે. કોઈપણ સંજોગોમા એલોટીને સર્વીસ એરીયા કોઈપણ રીતે અન્ય વપરાશ માટે પરવાનગી નહી

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

...૨૧/–

મળે સિવાય કે જે પાર્કિંગ જગ્યા માટે નકકી કરી હોય તેનો વપરાશ માત્ર એસોસીએશન ઓફ એલોટી દ્વારા મેઈનટેનન્સ સેવાની સ્થિતિ માટે અનામત રાખવામાં આવશે.

**(૧૪) GENERAL COMPLIANCE WITH RESPECT TO THE FLAT :-**
**ફ્લેટ સબંધી સામાન્ય પુર્તતા બાબત :–**

(એ) ફ્લેટના આંતરીક સમારકામ તથા તેની યોગ્ય સ્થિતિમા સાચવણી તેના પોતાના ખર્ચે કરશે તથા સંબંધીત સ્થાનીક સતા કે સતાધિકારીના નિયમ, નિયમન વિગેરે... નો ભંગ નહી થાય તેની કાળજી લેશે તથા કાયદા કે કોઈ સતાધિકારીના નિયમોનુ ઉલ્લંઘન થાય તે રીતે બદલાવ કે ફેરફાર અથવા (ફ્લેટમાં) વધારા કરી શકશે નહી તેવા ભંગ માટે તે જવાબદાર રહેશે તથા નુકશાની ભરપાઈ કરી આપશે.

એલોટી ફ્લેટમાં કોઈપણ દિવાલ (બહારની તેમજ લોડ બેરીંગ સહિત) ખસેડશે નહી/દુર નહી કરે. પ્રમોટર દ્વારા અથવા ત્યારબાદ એસોસીએશન ઓફ એલોટી દ્વારા અથવા એસોસીએશન દ્વારા નિમણુંક કરેલ મેઈનટેનન્સ એજન્સી દ્વારા સ્થાપિત કરેલ વિદ્યુત પ્રથાને અનુરૂપ વિજળી પ્રભારની યોજના તથા વહેંચણી કરશે.

ઉપરોકત જણાવેલ કોઈપણ શરતના ભંગના કારણે ઉત્પન્ન થયેલ નુકશાન કે હાની માટે માત્ર એલોટી સંપુર્ણ જવાબદાર રહેશે.

**(૧૫) COMPLIANCES OF LAWS NOTIFICATIONS ETC. BY ALLOTTEE :-**
**એલોટી દ્વારા કાનુન, જાહેરાત વિગેરે...ના પાલન બાબત :–**

એલોટી પ્રોજેકટ સામાન્ય રીતે લાગુ પડતા તમામ કાનુની, નિયમો, નિયમન, જાહેરાતની તથા આ ખાસ પ્રોજેકટ માટે ખાસ બાબતની તમામ જવાબદારી સાથે એલોટી આ એલોટમેન્ટનો કરાર કરે છે. એલોટી આથી બાહેંધરી લીએ છે કે, આ ફ્લેટ સંબંધીત સક્ષમ સતાધિકારી દ્વારા જે કોઈ જરૂરીયાતો, અધિગ્રહણ તથા માંગણી, સમારકામ વિગેરેની જરૂરીયાત ઉત્પન્ન થાય તે પોતે પોતાના ખર્ચે કરશે.

**(૧૬) PROMOTER SHALL NOT MORGAGE OR CREATE A CHARGE :-**
**પ્રમોટર ગીરો મુકશે નહી અથવા બોજો ઉત્પન્ન કરશે નહી :–**

**દસ્તાવેજનો પ્રકાર:– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગ:–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફ્લેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.............**

આ પ્રમોટર આ કરારમા સહી કરે ત્યારબાદ તે ફલેટ ગીરો મુકશે નહી અથવા તેના ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરશે નહી અને જો તેવુ કોઈ ગીરો કે બોજો કરવામા આવે તો અમલમાં રહેલ કોઈપણ અધિનિયમમા ગમે તે મજકુર હોય તે છતા આવુ ગીરો બોજો જેણે આવો ફલેટ ખરીદવા કબુલ કરેલ હોય તે એલોટીનો હકક અને હિતને અસરકર્તા રહેશે નહી.

**(૧૭) APPARTMENT OWNERSHIP ACT (OF THE RELEVANT STATE) :-**
**સંબંધીત રાજયના એપાર્ટમેન્ટ ઓનરશીપ કાનુન :–**

પ્રમોટર એલોટીને ખાત્રી આપે છે કે, આ પ્રોજેકટ સંપુર્ણ રીતે ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩ ને અનુરૂપ છે. પ્રમોટર ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩ હેઠળ લાગુ પડતા વિવિધ કાયદા નિયમનું પાલન કરીને તે દર્શાવેલ છે.

**(૧૮) BINDING EFFECT :-**
**બંધનકારક અસર :–**

પ્રમોટર દ્વારા આ કરાર એલોટીને મોકલી આપવાથી જયા સુધી આ કરાર એલોટી તે કરાર મળ્યાથી તારીખથી ૩૦–(ત્રીસ) દિવસમા પેમેન્ટ પ્લાનમાં ઠરાવેલ રકમ સહિત તમામ પરિશિષ્ટ સાથે સહી કરીને પ્રમોટરને પરત કરે નહી તથા પ્રમોટર દ્વારા જાણ કર્યાથી સંબંધીત સબ–રજીસ્ટ્રેશન સમક્ષ નોંધણી માટે હાજર થાય નહી ત્યાં સુધી આ કરારમાં પ્રમોટર માટે કોઈ ફરજીયાત બંધન ઉત્પન્ન થતુ નથી.

જો એલોટી આ કરાર ૩૦–(ત્રીસ) દિવસમાં આ કરાર સહી કરીને પ્રમોટરને સોંપણી કરવા નિષ્ફળ નિવડે અને/અથવા જયા અને જયારે પ્રમોટર દ્વારા જાણ કર્યેથી સબ–રજીસ્ટ્રાર સમક્ષ તેની નોંધણી માટે રજુ થવામાં નિષ્ફળ થાય ત્યારે પ્રમોટર એલોટીને તેની કસુર સુધારવા સુચના (નોટીસ) આપશે અને જો તે અલોટીને મળ્યાની ૧૫–(પંદર) દિવસમાં ભુલ સુધારવામા.ન આવે તો એલોટીની અરજીને રદબાતલ સમજવામાં આવશે. તથા એલોટીએ જમા કરેલ તમામ રકમ તે સમયે બુકીંગની રકમ સહિત એલોટીને કોઈપણ જાતના વ્યાજ કે વળતર સિવાય પરત આપવામાં આવશે.

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

...૨૩/–

**(૧૯) ENTIRE AGREEMENT :-**

**સંપુર્ણ કરાર :–**

આ કરારને તેના પરિશિષ્ટ સહિત આ બાબત સંબંધીત સંપુર્ણ કરાર તરીકે સ્થાપિત કરવામા આવે છે. આ પહેલાની તમામ સમજુતિ કોઈ અન્ય કરાર, એલોટમેન્ટ લેટર, પત્ર વ્યવહાર, વ્યવસ્થા મૌખિક અથવા લેખિત જે કાંઈ આ ફલેટ બીલ્ડીંગ બાબતમાં પક્ષકારો વચ્ચે કાર્યવાહી થઈ હોય તે જે કાંઈ હોય તે આથી રદ (SUPERSEDE) થાય છે.

**(૨૦) RIGHT TO AMEND :-**

સુધારા કરવાના હકક બન્ને પક્ષકારોને સંમતીથી આ કરારમાં સુધારો થઈ શકશે.

**(૨૧) PROVISIONS OF THIS AGREEMENT APPLICABLE ON ALLOTTEE/ SUBSEQUENT ALLOTEES :-**

**આ કરારની જોગવાઈઓ એલોટી તથા ઉતરોતર એલોટીને લાગુ પડવા બાબત :–**

આથી બન્ને પક્ષકારો વચ્ચે એવી સ્પષ્ટ રીતે સમજવામાં આવે છે. તથા કબુલ કરવામાં આવે છે કે, અત્રે સમાવિષ્ટ કરેલ તમામ જોગવાઈઓ આ પ્રોજેકટ સંબંધીત આ નીચે ઉત્પન્ન થતી તમામ બાહેંધરી જવાબદારીઓ કોઈપણ ઉતરોતર ફલેટના એલોટીને લાગુ પડશે. તેથી તબદીલીના કિસ્સામા ઉપરોકત કહેલ બાહેંધરીઓ તમામ ઉદેશો તથા હેતુ માટે ફલેટ સાથે જશે.

**(૨૨)** SEVERABILITY :–

**અલગતા બાબત :–**

આ કરારની કોઈપણ જોગવાઈ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ધડવામાં આવેલ નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ, તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ધડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કારારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

**(૨૩)** METHOD OF CALCULATION OF PROPORTIONATE SHARE WHEREVER REFFERRED TO IN THE AGREEMENT :-

**કરારમાં જયાં જયાં પ્રમાણસર હિસ્સાના ઉલ્લેખ થયા હોય ત્યાં ગણત્રીની પધ્ધતિ :-**

જયાં-જયાં ઠરાવવામાં આવ્યુ હોય કે એલોટીએ પ્રોજેકટ અન્ય એલોટીઓ સાથે સામાન્ય રીતે ચુકવણુ કરવાનુ રહેશે ત્યારે તે તમામ ફલેટના કુલ કારપેટ એરીયાના પ્રમાણસર ભોગવટા અનુસાર એલોટીએ ખર્ચ ભોગવવાનો રહેશે.

**(૨૪)** FURTHER ASSURANCE :-

**વધારાની ખાત્રી :-**

બન્ને પક્ષકારો કબુલ કરે છે કે, અત્રે નિશ્ચિત કર્યા મુજબ દસ્તાવેજ તથા કાર્યવાહી ઉપરાંત આ કરારની જોગવાઈને અમલમાં મુકવા માટે યોગ્ય રીતે જરૂરી જણાય તેવા અથવા અત્રે વિચારણા કરવામાં આવેલ અથવા આ વ્યવહાર અનુસરીને કોઈ હકક કે તબદીલી કે ઉત્પન્ન થતા હોય તેને બહાલી આપવા કે સંપુર્ણતા માટે બન્ને પક્ષકારો જરૂરી દસ્તાવેજ સહી કરશે તેનો સ્વીકાર કરશે તથા તે મુજબ જરૂરી દસ્તાવેજની સોંપણી કરવામા આવશે અથવા અન્ય જરૂરી કાર્યવાહી કરશે.

**(૨૫)** PLACE OF EXECUTION :-

**સહી કરવાનું સ્થળ :-**

પ્રમોટર તથા એલોટી દ્વારા અરસ-પરસ સમજુતિ થયા મુજબ આ કરાર પ્રમોટરની કચેરીને અથવા અન્ય સ્થળ પ્રમોટર અથવા તેના અધિકૃત સહી કર્તા દ્વારા સહી થયા પછી અથવા એલોટી દ્વારા તથા પ્રમોટર દ્વારા એક સાથે સહી કર્યા બાદ તે સબ-રજીસ્ટ્રાર કચેરીમા નોંધણી થયા બાદ જે તે સંપુર્ણ થશે તથા આ કરાર રાજકોટ મુકામે સહી થયેલ સમજવામા આવશે.

**(૨૬)** **નોંધણી :-** એલોટી અથવા/અને પ્રમોટર આ કરાર તથા કન્વેયન્સ(વેચાણ દસ્તાવેજ) નોંધણી ધારા હેઠળ નકકી કરેલ સમય મર્યાદામા સબ-રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી માટે રજુ કરવામાં અને પ્રમોટર તે ઓફિસમા હાજરી આપી સહી કર્યાની કબુલાત આપશે.

**દસ્તાવેજનો પ્રકાર:- કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગ:-"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

**(૨૬)** NOTICES :– **/સુચનાઓ :–**

આ કરાર દ્વારા વિચારેલ સુચનાઓ એલોટી તથા પ્રમોટરને તેમના નીચે નિર્દેષ્ટ કરેલ સરનામે રજીસ્ટર ટપાલથી મોકલવામાં આવશે તો તે યોગ્ય રીતે નોટીસ બજી ગઈ છે. તેમ સમજવામાં આવશે.

(૧) એલોટીનું સરનામુ :–

(૨) પ્રમોટરનું સરનામુ :– ભકિત એવન્યુ, જય પાર્ક શેરી નં.૩, સાંઈબાબા સર્કલ પાસે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ.

આ કરાર સહી કર્યા બાદ કોઈના પણ ઉપરોકત સરનામામાં ફેરફાર થાય તો એલોટી તથા પ્રમોટરે એક–બીજાને તેની જાણ કરવાની રહેશે. તેમા તે નિષ્ફળ નિવડે તો ઉપરોકત સરનામે મોકલાવવામા આવેલ પત્ર વ્યવહાર તથા ટપાલો પ્રમોટરને તથા એલોટીને યોગ્ય રીતે મળેલ છે તેમ સમજવામાં આવશે.

**(૨૮)** JOINT ALLOTTEES :– / **સંયુકત એલોટી :–**

જોઈન્ટ એલોટી હોય તેવા કિસ્સામા પ્રમોટર દ્વારા જેનુ નામ પ્રથમ હોય તેવા એલોટીને તેણે આપેલ હોય તે સરનામે મોકલવવામા આવશે તેમજ તમામ હેતુ તથા ઈરાદા માટે તે તમામ એલોટીને યોગ્ય રીતે મોકલવવામાં આવી છે તેમ સમજવામાં આવશે.

**(૨૯) સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ખર્ચ :–**

આ કરાર તથા કન્વેયન્સ (વેચાણ દસ્તાવેજ) ની સ્ટેમ્પ ડયુટી તથા નોંધણીનો ખર્ચ એલોટી કરશે તથા તે રકમ તેણે ચુકવવાની રહેશે.

**(૩૦)** DISPUTE RESOLUTION:– **/વિવાદનો ઉકેલ :–**

આ કરારની બોલીઓ તથા શરત સંબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમા અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે..... બાબત અરસ–પરસ સંમતિથી ઉકેલવામાં આવશે તથા તેમા નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન હેઠળ નિમવામા આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામા આવશે.

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**

...૨૬/–

**(૩૧)** GOVERNING LAW :- **/શાસન વ્યવસ્થા :-**

આ કરાર હેઠળ પક્ષકારોના ઉત્પન્ન થતા હકક તથા જવાબદારીઓ જે તે સમયે અમલમાં રહેલ ભારત સરકારના કાયદાને અનુસાર સમજવામા તથા અમલ કરવામાં આવશે.

**-:: પ રિ શિ ષ્ટ-"૧" (મિલ્કતનું વર્ણન) પાર્કીંગ વિગેરે....સહિત) :-**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામ **કોઠારીયા**ના રેવન્યુ સર્વે **નં.૧૯૭ પૈકી ૧** ની જમીન એકર ૪-૧૧ ગુંઠાના રહેણાંકના હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **"જય પાર્ક"** તરીકે ઓળખાતા જમીનના **પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ ની જમીન** ચો.મી.આ.૨૫૦-૬૧ ઉપર આવેલ **"ભકિત એવન્યુ"** ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ લો-રાઈઝ બિલ્ડીંગ તે સમગ્ર પ્રોજેકટની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

ઉતરે :- ૧૨-૦૦ મીટર પહોળાઈનો રસ્તો આવેલ છે.

દક્ષિણે :- પ્લોટ નં.૪૧ આવેલ છે.

પૂર્વે :- ૭-૫૦ મીટર પહોળાઈનો રસ્તો આવેલ છે.

પશ્ચિમે :- પ્લોટ નં.૩૯ આવેલ છે.

**-:: પ રિ શિ ષ્ટ-"૨" (ફલેટનો ફલોર પ્લાન) ::-**

ઉપરોકત પરિશિષ્ટ-"૧" માં દર્શાવેલ **"ભકિત એવન્યુ"** ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ લો-રાઈઝ બિલ્ડીંગ માંહેના ....... ફલોરમાં આવેલ **ફલેટ નં.......**કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.......... જેનો કારપેટ એરીયા ચો.મી.આ........... છે. તેની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

ઉતરે :-

દક્ષિણે :-

પૂર્વે :-

પશ્ચિમે:-

**-:: પ રિ શિ ષ્ટ-"૩" (ફલેટની સહીયારી સુવીધા) ::-**

| |
|---|
| **દસ્તાવેજનો પ્રકારઃ- કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ-"ભકિત એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............** |

(૧) પ રિ શિ ષ્ટ–૧ માં જણાવેલ મિલ્કતની જમીન.

(૨) ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ પાર્કીંગ, સીડી તથા લીફ્ટ, લીફ્ટ રૂમ.

(૩) અન્ડર ગ્રાઉન્ડ વોટર ટેંક તથા ઓવર હેડ વોટર ટેંક, સોલાર વોટર સીસ્ટમ.

(૪) ગંદા પાણીનાં નિકાલની પાઈપ લાઈન, કુંડીઓ અને ગટર.

(૫) બિલ્ડીંગમાં આવેલ કોમન ઈલેકટ્રીક લાઈટ ફીટીંગ તથા મીટર, પાણી ઉપર ચડાવવાનો પંપ, પાણીની પાઈપલાઈનો તથા બોર.

(૬) સમગ્ર મિલ્કતના પાયા, બિમ, કોલમ, સપોર્ટીંગ વોલ, પ્લીન્થ, ચાલી, બાલ્કની, પેસેજ, બહારની દિવાલ, ખુલ્લી જગ્યા વિગેરે.

ઉપ મુજબની સહીયારી સુવિધાઓ કાયમી અવિભાજીત છે.

આ સાટાખતનો કરાર અમોએ અમારી રાજીખુશીથી, વાંચી, વિચારી, સમજી, જીવ કાયમ રાખી, બીન કેફે સાવધાનીથી તમારા જોગનો ઉપર લખેલ શરતો અને ફરજો અને જવાબદારીઓ તમોને સમજાવીને લખી આપી સહીઓ કરી શાખો કરાવી આપેલ છે. અને તે અમોને કબુલ મંજુર સહીઓ છે.

સ્થળ : રાજકોટ. તારીખ : /...../૨૦....

**અત્રે :::::::::::::::::::::::::::::: મતુ અત્રે :::::::::::::::::::::::::::: શાખ**

............................................ ૧......................................

**શ્રી કિરણબેન નીરવભાઈ મોલીયા**

૨......................................

**દસ્તાવેજનો પ્રકારઃ– કબજા રહીત સાટાખત કરાર, ગામ કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧, "જય પાર્ક" પ્લોટ નં.૪૦, બિલ્ડીંગઃ–"ભક્તિ એવન્યુ" ....... ફલોર, ફલેટ નં......, ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ............**